શેરબજારની શ્રદ્ધા અતૂટ અને વિશ્વાસનું પ્રતિક
ઈન્વેસ્ટમેન્ટ પ્રોફાઈલ®
www.nikhilbhatt.in
નિખિલ ભટ્ટ
+91 99390 80808

ભારતીય શેરબજારમાં સાવચેતીનો માહોલ યથાવત્ !!!

તા. ૦૮-૦૧-૨૦૨૬ ના રોજ સવારે ૧૦ કલાકે.... અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની દેશો કબજે કરવાની દાદાગીરી સામે વિશ્વના આક્રોશ છતાં ટસના મસ નહીં થતાં જીઓપોલિટીકલ ટેન્શન સતત વધી રહ્યું હોઈ વૈશ્વિક બજારોમાં સાવચેતી સાથે આજે સપ્તાહના ચોથા કારોબારી દિવસે ભારતીય શેરબજારની શરૂઆત પણ ઘટાડા સાથે થઈ હતી. ભારતના જીડીપી વૃદ્ધિ માટેના નાણા વર્ષ ૨૦૨૬ ના પ્રથમ એડવાન્સ અંદાજ ૭.૪%ના આવતાં એક તરફ પોઝિટીવ પરિબળ સામે હજુ ભારત પર ટેરિફ વધારવાની ટ્રમ્પની ચીમકીને લઈ ફંડો ઈન્ડેક્સ બેઝ્ડ નવી મોટી પોઝિશન લેવાથી દૂર રહ્યા હતા.

વૈશ્વિક શેરબજારની વાત કરીએ તો ગઈકાલે અમેરિકન માર્કેટમાં ડાઉ જોન્સ ૦.૦૧%ના ઘટાડા સાથે બંધ રહ્યો હતો. જ્યારે એસએપી ૫૦૦ ૦.૩૪% ઘટીને અને નેસ્ડેક ૦.૧૨% વધીને સેટલ થયા હતા. બીએસઈ પર મીડકેપ ઈન્ડેક્સ ૦.૧૦% અને સ્મોલકેપ ઈન્ડેક્સ ૦.૦૬% ઘટીને ટ્રેડ થઈ રહ્યા હતા.

બીએસઈમાં સવારે ૧૦ કલાકે કુલ ટ્રેડીંગ થયેલી ૨૯૯૬ સ્ક્રિપોમાંથી ઘટનારની સંખ્યા ૧૩૬૮ અને વધનારની સંખ્યા ૧૪૩૭ રહી હતી, ૧૯૧ શેરના ભાવમાં કોઈ ફેરબદલ જોવાયો ન હતો. જ્યારે ૪૫ શેરોમાં ઓનલી સેલરની મંદીની નીચલી સર્કિટ સામે ૬૯ શેરોમાં ઓનલી બાયરની તેજીની ઉપલી સર્કિટ રહી હતી.

ભારતીય શેરબજારમાં આજે બીએસઈ પર રિયલ્ટી, કેપિટલ ગુડ્સ, ઈન્ડસ્ટ્રીયલ્સ, સર્વિસ, પાવર અને કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ સેક્ટરમાં ઉછાળો જોવા મળ્યો હતો, જ્યારે અન્ય બીજા તમામ સેક્ટરલ ઈન્ડાયસીસ ઘટાડા સાથે કારોબાર કરી રહ્યા હતા.

કોમોડિટી...

એમસીએક્સ ગોલ્ડ : ઈન્ટ્રા ડે ટ્રેડીંગની શરૂઆતે ફેબ્રુઆરી ગોલ્ડ રૂ.૧,૩૭,૯૯૬ પોઈન્ટના મથાળેથી ખુલીને રૂ.૧,૩૭,૯૯૬ પોઈન્ટના ઊંચા મથાળેથી ઘટાડો નોંધાવી રૂ.૧,૩૭,૫૨૨ પોઈન્ટના નીચા મથાળે નોંધાવી ૩૮૪ પોઈન્ટના ઘટાડા સાથે રૂ.૧,૩૭,૬૨૫ આસપાસ ટ્રેન્ડ નોંધાયેલ..!!

એમસીએક્સ સિલ્વર : ઈન્ટ્રા ડે ટ્રેડીંગની શરૂઆતે માર્ચ સિલ્વર રૂ.૨,૫૧,૦૪૧ પોઈન્ટના મથાળેથી ખુલીને રૂ.૨,૫૧,૮૮૯ પોઈન્ટના ઊંચા મથાળેથી ઘટાડો નોંધાવી રૂ.૨,૪૯,૦૧૬ પોઈન્ટના નીચા મથાળે નોંધાવી ૧૧૧૬ પોઈન્ટના ઘટાડા સાથે રૂ.૨,૪૯,૪૮૯ આસપાસ ટ્રેન્ડ નોંધાયેલ..!!

સ્ટોક સ્પેસિફિક રેન્જ મુવમેન્ટ....

લાઈફ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન (૮૫૦) : લાઈફ ઈન્સ્યોરન્સ સેક્ટરની આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૮૩૩ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૮૧૯ ના સ્ટ્રોંગ સપોર્ટથી આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૮૬૩ થી રૂ.૮૭૦ આસપાસ ભાવ સપાટી નોંધાવે તેવી શક્યતા છે...!! રૂ. ૮૭૮ ઉપર તેજી તરફી ધ્યાન...!!

એચડીએફસી લાઈફ (૭૬૯) : એ/ટી+૧ ગ્રુપનો આ સ્ટોક રૂ. ૭૫૫ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ!! રૂ.૭૪૭ ના સપોર્ટથી આ સ્ટોક ૭૭૮ થી રૂ.૭૮૭ આસપાસ ભાવ સપાટી નોંધાવે તેવી સંભાવના છે...!!

જેએસડબલ્યુ એનર્જી (૫૧૪) : રૂ. ૪૯૭ નો પ્રથમ તેમજ રૂ. ૪૯૦ બીજા પાવર જનરેશન સેક્ટરનો રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૫૨૩ થી રૂ.૫૩૦ આસપાસ ભાવ સપાટી નોંધાવે તેવી શક્યતા છે...!!

યુનિયન બેન્ક (૧૬૭) : પબ્લિક બેન્ક સેક્ટરનો આ સ્ટોક ટ્રેડીંગલક્ષી રૂ.૧૭૨ થી રૂ.૧૭૭ ના ભાવ સપાટીની રેન્જ મુવમેન્ટ ધરાવે છે!! અંદાજીત રૂ. ૧૬૦ નો સ્ટ્રોંગ સપોર્ટ ધ્યાને લેવો...!!!

બજારની ભાવિ દિશા.... મિત્રો, ઉત્સાહજનક જીડીપી આંકડાઓના આધારે જોવામાં આવે તો ભારતીય શેરબજારની ભાવિ દિશા મધ્યમથી લાંબા ગાળે સકારાત્મક રહેવાની શક્યતા છે. મેન્યુફેક્ચરિંગ, બાંધકામ અને સર્વિસ સેક્ટરમાં સતત મજબૂત વૃદ્ધિના સંકેતોથી કોર્પોરેટ કમાણીમાં સુધારો થવાની આશા છે, જેનો સીધો ફાયદો શેરબજારને મળી શકે છે. ખાસ કરીને કેપિટલ ગુડ્સ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, બેન્કિંગ, ફાઈનાન્શિયલ સર્વિસિસ અને આઈટી જેવા સેક્ટરોમાં રોકાણકારોની રસપ્રતિષ્ઠા વધતી જોવા મળી શકે છે. મજબૂત આર્થિક ગતિના કારણે વિદેશી રોકાણકારો પણ ફરીથી ભારતીય બજારમાં સક્રિય બની શકે છે, જે બજારને વધુ આધાર આપશે.

બીજી તરફ, બજેટ પહેલા અને પછી શેરબજારમાં થોડી અસ્થિરતા રહેવાની શક્યતા નકારી શકાતી નથી. કૃષિ ક્ષેત્રમાં મધ્યમ વૃદ્ધિ અને વૈશ્વિક સ્તરે ચાલતી અનિશ્ચિતતાઓને કારણે કેટલાક સેક્ટરોમાં પસંદગી આધારિત ચાલ જોવા મળી શકે છે. તેમ છતાં, ૭.૪% ની અનુમાનિત જીડીપી વૃદ્ધિ દેશના આર્થિક પાયાને મજબૂત દર્શાવે છે, જે લાંબા ગાળાના રોકાણકારો માટે હકારાત્મક વાત છે. નીતિગત સુધારા, ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર સરકારનો ભાર અને સેવાઓ ક્ષેત્રની મજબૂતીને કારણે ભારતીય શેરબજારની કુલ દિશા ધીમે ધીમે ઊંચી તરફ આગળ વધતી રહે તેવી સંભાવના છે.

ખાસ નોંધ: ડિસ્કલેમર/પોલિસી/શરતો www.nikhilbhatt.in ને આધીન

સહવારસદારોની સહી-સહમતિ વગરના

જામનગરમાં કરોડોની જમીનના વેંચાણ સોદામાં જિલ્લા કલેક્ટરનો મહત્ત્વપૂર્ણ ચૂકાદો

રાજકીય અગ્રણીઓ, મોટા ગજાના લેન્ડ ડેવલપર સહિતની વેંચાણ નોંધ રદ્દ કરવા કલેક્ટરનો આદેશ

જામનગર તા. ૮: જામનગરમાં એક સંયુક્ત માલિકીની વિશાળ જમીનના વેંચાણ-સોદામાં સહવારસદારની સહી-સહમતિ વગર થયેલા વિવાદમાં જિલ્લા કલેક્ટર સમક્ષ વાદી સહવારસદાર મધુબેન નાથાલાલ નકુમ (મહેન્દ્રભાઈ પરમારના પત્ની) એ કરેલ કેસમાં જામનગર જિલ્લા કલેક્ટર કેતન ઠક્કરે તા. ૧ લી જાન્યુઆરી, ૨૦૨૬ ના દિને આ કેસમાં મહત્ત્વપૂર્ણ ચૂકાદો આપ્યો છે.

આ કેસની વિગતો પ્રમાણે જામનગર શહેર ટીકા નં. 3 (બી), ખાતા નં. ૨૦૮, રે.સ.નં. ૭૮૮/૧ વાળી જમીનનો દસ્તાવેજ વાદીની સહી-સહમતિ વગર અન્ય સહવારસદારોને જમન સામજી ફળદુ તથા હરદાસ કરસન ખવાના નામે દસ્તાવેજ નં. ૮૦૨૦, તા. ૨૧-૮-૨૦૨૪ ના ના કરી આપ્યો હતો. આવી જ રીતે જામનગર શહેર ટીકા નં. 3(બી), ખાતા નં. ૯૧, રે.સ.નં. ૯૭૭ વાળી જમીનનો વેંચાણ દસ્તાવેજ તા. ૧૧-૮-૨૦૨૪ ના દસ્તાવેજ નોંધણી નં. ૮૦૨૨ થી જમન સામજીના નામે કરી આપવામાં આવ્યો હતો.

આ બન્ને વેંચાણ દસ્તાવેજોના આધારે સિટી સર્વે કચેરીમાં જમીન ખરીદનારાઓના નામે તા. ૨૦-૯-૨૦૨૪ ના દિને અનુક્રમે નોંધ નં. ૨૯૮૭ અને નં. ૧૫૫૩ થી નામે ચડાવી દેવામાં આવ્યા હતાં. એટલું જ નહીં, આ જમીનોને ત્યારપછીના થોડા જ સમયમાં જિલ્લા વહીવટી તંત્ર દ્વારા બીનખેતી પણ કરી આપવામાં આવી હતી.

આ બન્ને વેંચાણ દસ્તાવેજોની સિટી સર્વેમાં કરાયેલી નોંધ નાયબ કલેક્ટર (જામનગર શહેર) નો મંજુર કરવાનો ઠરાવ રદ્દ કરવાનો આદેશ જિલ્લા કલેક્ટરે આપ્યો છે, અને આ વિવાદમાં ફેર નિર્ણય કરવા કેસ રિમાન્ડ કરવાની સૂચના આપેલ છે.

જો કે, જિલ્લા કલેક્ટરે પ્રતિવાદીઓને ૯૦ દિવસમાં ગુજરાતના મહેસુલ વિભાગના સચિવ સમક્ષ રિવિઝન અરજી કરવાની મંજુરી આપી છે.

જિલ્લા કલેક્ટરના આ અતિ મહત્ત્વના અને કરોડોની જમીનના સંદર્ભમાં આપેલા ચૂકાદાના કારણે આ સોદાની જમીનોના ખરીદનારા અને તેમના દ્વારા થઈ રહેલા અન્ય વ્યવહારોને અસર થઈ છે.

અને આ વિવાદની ચર્ચાસ્પદ અને નોંધપાત્ર બાબત એ છે કે જમીન ખરીદનારાઓમાં જામનગરના અગ્રણી લેન્ડ ડેવલપર જમન સામજી, પૂર્વ મંત્રી અને ધારાસભ્ય રાઘવજીભાઈ પટેલના પુત્ર જયેન્દ્રભાઈ મુંગરા, પૂર્વ જિ.પં. પ્રમુખ હરદાસભાઈ ખવા જેવા આગેવાનોના નામ છે.

જામનગર શહેરની બિલ્ડર લોબીમાં ચર્ચાસ્પદ બનેલા આ પ્રકરણમાં અન્ય બે જેટલા ખરીદ-વેંચાણના સોદાના દસ્તાવેજોને પણ પડકારવામાં આવ્યા હોવાથી તે અંગેની કાનૂની લડત પણ ચાલુ છે.

અત્યારના સંજોગોમાં સિટી સર્વેમાંથી નોંધ રદ કરવાનો આદેશ થયો છે, પણ ચર્ચાઈ રહેલી વિગતો મુજબ દસ્તાવેજોની નોંધણી સમયે જવાબદાર અધિકારીએ તમામ સહવારસદારોની ખરાઈ શા માટે ન કરી તેવા સવાલો સાથે સંલગ્ન વિભાગના તત્કાલિન અધિકારીની સંડોવણીની શક્યતા જોવા મળી રહી છે. ગંભીર બેદરકારી કે ભ્રષ્ટાચારના કારણે કરોડોની જમીનના દસ્તાવેજોની નોંધણી થઈ ગઈ હોવાની પણ શંકા સેવાઈ રહી છે.

રોકડ, બે મોટર, દસ મોબાઈલ સહિત રૂપિયા પોણા સોળ લાખનો મુદ્દામાલ:

લાલપુરના સેવકભરૂડિયાના ખેતરમાંથી ઝડપાઈ ઘોડીપાસાની ક્લબ: ૨૪ શખ્સ જુગાર રમતા ઝડપાયા

જામનગર તા. ૮: લાલપુરના સેવકભરૂડીયા ગામની સીમમાં એક ખેતરમાં બે શખ્સ સંચાલિત ઘોડીપાસાની કલબ પર એલસીબીએ દરોડો પાડી ૨૪ શખ્સને જુગાર રમતા પકડી પાડ્યા છે. પટમાંથી રોકડ, બે મોટર, દસ મોબાઈલ મળી કુલ રૂ.૧૫ લાખ ૭૮ હજારનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. કલબના સંચાલક સહિત બેની શોધખોળ કરાઈ રહી છે.

લાલપુર તાલુકાના સેવક ભરૂડીયાની સીમમાં એક ખેતરમાં ઘોડીપાસાની કલબ ધમધમતી હોવાની બાતમી એલસીબીના સુમિત શિયાર, ભયપાલસિંહ, કિપાલસિંહ, અજય વિરડાને મળતા પીઆઈ વી.એમ. લગારીયાની સૂચનાથી પીએસઆઈ સી.એમ. કાંટેલીયા, એમ.વી. ભાટીયાના વડપણ હેઠળ આજે વહેલી સવારે એલસીબીના સ્ટાફે દોસમામદ જુમા ખીરા નામના મસીતિયાના શખ્સ તથા નાગેશ્વર કોલોનીવાળા કિશન મનસુખભાઈ મકવાણા દ્વારા સેવક ભરૂડીયાની સીમમાં ખેતરમાં ચલાવાતી કલબ પર દરોડો પાડ્યો હતો.

આ શખ્સોને નાલ આપી ત્યાં ઘોડીના પાસા ફેંકી જુગાર રમતા અનવરમિયા આમદમિંયા શાહમદાર, રઈશ સલીમ ખુરેશી, ગિરીશ છમનમલ રાજાણી, ઈલિયાશ બાબાલ ઘોલીયા, દિનેશ રમણીકભાઈ લખીયર ઉર્ફે ટકો, ફિરોઝ હુસેન ખફી ઉર્ફે પપ્પુ, કલ્પેશ બાલમુકુંદ પંડ્યા, અસરફ મામદ ખફી ઉર્ફે ટીપો, હનીફ ઈસ્માઈલ હમીરાણી, અહેમદ કાસમ હાલાણી, રવજી નારણભાઈ વાઘોણા, ઈમરાન અબુ પતાણી ઉર્ફે ઈભુડો, જાવિદ ઈબ્રાહીમ ખફી, મહંમદ બોદુ ખીરા ઉર્ફે કારો, જયમીન મુકેશભાઈ નરેલા, અબ્દુલ યુસુફ ખફી, જયેશ હરદાસ માંગલીયા, ચેતન રણછોડભાઈ રાઠોડ, બકુલ હેમંતભાઈ કાપડી, ભાવેશ દિનેશભાઈ સામાણી, લક્ષ્મણ ઈશ્વરલાલ ચારવાણી, નવાઝ મુસાભાઈ કોટા, સંજય હરદાસ માતકા તથા દોસમામદ જુમા ખીરા નામના ૨૪ શખ્સ મળી આવ્યા હતા.

આ કલબનો સંચાલક કિશન મનસુખભાઈ મકવાણા તથા અલ્પેશ ઈબ્રાહીમ અમરેલીયા નામા જુનાગઢના શખ્સની એલસીબી શોધ કરી રહી છે. ત્યાંથી રૂ.૬ લાખ ૧૨ હજાર રોકડા, બે ઈકો મોટર, દસ મોબાઈલ મળી કુલ રૂ.૧૫ લાખ ૭૮ હજારનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે.

સોના ચાંદીના ભાવ

૧૦૦ ગ્રામ શુધ્ધ સોનું (બિસ્કિટ)	14,00,000
૨૨ કેરેટ દાગીના (૧૦ ગ્રામ)	1,25,300
૧૮-કેરેટ દાગીના (૧૦ ગ્રામ)	1,05,000
ચાંદી-૯૯૯ (૧ કીલો)	2,46,000

ગાંધીનગરમાં યોજાયેલા સમારોહમાં જામ્યુકોને એવોર્ડ અર્પણ

પી.એમ. સ્વનિધિ યોજના અન્વયે શ્રેષ્ઠ કામગીરીમાં જામનગરને મળ્યો દ્વિતીય ક્રમ

જામનગર તા. ૮: ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા 'શહેરી વિકાસ વર્ષ-૨૦૨૫'ની ઉજવણીના ભાગ રૂપે આજે ગાંધીનગરમાં 'સ્વનિધિ સમારોહ'નું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સમારોહમાં જામનગર મહાનગરપાલિકાને કેન્દ્ર સરકારની મહત્ત્વકાંક્ષી પીએમ સ્વનિધિ યોજનાના અમલીકરણમાં શ્રેષ્ઠ કામગીરી કરવા બદલ રાજ્યની મેજર સિટીની કેટેગરીમાં દ્વિતીય ક્રમ પ્રાપ્ત થયો છે.

ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી-ગાંધીનગરમાં યોજાયેલા આ કાર્યક્રમમાં રાજ્યના મંત્રીઓ, અધિકારીઓની ઉપસ્થિતિમાં જામનગર મહાનગરપાલિકાને આ એવોર્ડ એનાયત થયો હતો.

જામનગર મહાનગરપાલિકાના આસી. કમિશનર (વહીવટ) મુકેશ વરણવાએ આ એવોર્ડ સ્વીકાર્યો હતો.

પીએમ સ્વનિધિ યોજના અંતર્ગત જામનગરના નાના અને ફેરિયા વ્યવસાયકારોને લોન સહાય પૂરી પાડવા અને તેમના આર્થિક ઉત્થાન માટે જામનગર મહાનગરપાલિકાએ સરાહનીય કામગીરી કરી છે. જેની નોંધ રાજ્ય સ્તરે લેવામાં આવી છે. આ સિદ્ધિ બદલ મ્યુનિ. કમિશનર અને તેની સમગ્ર ટીમને શુભેચ્છાઓ પાઠવાઈ છે.

ખંભાળીયામાં નિ:શુલ્ક નેત્રયજ્ઞ

ખંભાળીયા તા. ૮: ખંભાળીયાની માનવસેવા સમિતિ દ્વારા દાતા સ્વ. ગોમતીબેન દાવડાના સ્મરણાર્થે હસ્તે વિનોદભાઈ દાવડા (યુ.કે.) પરિવારના આર્થિક સહયોગ થી રવિવાર તા. ૧૧-૧-૨૬ ના સવારે ૯ થી ૧૧ વાગ્યા સુધી લોહાણા વિદ્યાર્થી ભવન, ખંભાળીયામાં લલીતાબેન બદીયાણી હોસ્પિટલના સંયુક્ત ઉપક્રમે વિનામૂલ્યે નેત્રયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં જરૂરિયાતવાળા દર્દીઓના મોતીયાના ઓપરેશન વીરભારતી હોસ્પિટલમાં કરાવી નેત્રમણી બેસાડી આપવામાં આવશે. તથા ચશ્માના નંબર પણ કાઢી આપવામાં આવશે.

અર્ક સમય અને ભાગ્ય બન્ને પરિવર્તનશીલ છે, માટે એના પર ક્યારેય અભિમાન ના કરવું જોઈએ

શબ્દવ્યૂહ ૭૩૬૧



આડી ચાવી

૧. મુરાદ, સંભાવના ------(૨
૨. પોતાનું, અંગત ------(૨
૩. પરિમલ, ફોરમ ------(૩
૫. મક્કમ, દૃઢ ----------(૨
૭. રસ્યુપસ્યું, તલ્લીન ----(૨
૮. પીડાકારી ભૂત, વળગેલું (૨
૯. ખોરાક----------(૨
૧૦.સહોદર, બંધુ, બિરાદર (૨
૧૧.મધમાખીઓએ એકઠો કરેલો મીઠો ઘાટો રસ -(૨
૧૨.પાણીથી ભરેલો ખાડો --(૪
૧૬.ત્રાસદાયક વ્યક્તિ ----(૨
૧૭.છેવટનું, અંતિમ------(૨
૧૮.હવામાં ઊડી શકે એવું યાંત્રિક વાહન, હવાઈ જહાજ ----------(૩
૨૦.માથામાં થતું એક પ્રકારનું જંતુ----------(૧
૨૧.પૂરાત, બાકી રહેલું----(૨
૨૨.લોટાનું છીછરું પહોળા મોંનું પાત્ર ----------(૩

ઊભી ચાવી

૧. આયુષ્ય ----------(૪
૨. અપેક્ષા વગરનું ------(૪
૪. ધર્મની બાબતમાં અગ્રેસર ----------(૬
૬. કમજોરી, અશક્તિ ----(૪
૧૩.શબના અગ્નિદાહ માટેનો ચેહ ----------(૨
૧૪.દોષ, ક્ષતિ, તકસીર ---(૨
૧૫.માતાના ભાઈ--------(૨
૧૭.દૂર આવેલું, વેગળું----(૨
૧૮.વંધ, ઝેર ----------(૨
૧૯.ઝુકેલું, નમેલું--------(૨

આડી ચાવી: (૧) સંમેલન (૩) ખેંચ (૬) જવ (૭) સુરીશ્વર (૧૦) નોંધ (૧૧) દાબ (૧૩) ઠેલો (૧૫) ઘા (૧૮) ક્ષાર (૧૯) મેળ (૨૦) કાન (૨૧) કાપો (૨૨) ચોરી

ઉકેલ કોયડા નં. ૭૩૬૦

ઊભી ચાવી: (૨) નજર (૪) ચપ્પુ (૫) ભાણો (૭) સુરુચિ (૮) બાધ (૯) સદા (૧૨) બચરવાળ (૧૪) લોકવાયકા (૧૬) બદનક્ષી (૧૭) ઉમેરો

આપની આવતીકાલ

જ્યોતિષી: ઋષિ બટુકભાઈ શાસ્ત્રી, મો. ૯૮૯૮૯ ૯૦૮૮૪

મેષ (અ-લ-ઈ) — આપના કામમાં હરિફવર્ગ-ઈર્ષાકરનાર વર્ગની મુશ્કેલી જણાય. સિઝનલ ધંધામાં માલનો ભરાવો કરવો નહીં. શુભ રંગ: લીલો | શુભ અંક: ૪-૨

વૃષભ (બ-વ-ઉ) — આપના કાર્યની સાથે જાહેરક્ષેત્રના, સંસ્થાકીય કામમાં આપ વ્યસ્ત રહો. ઈચ્છિત વ્યક્તિ સાથે મુલાકાત થાય. શુભ રંગ: વાદળી | શુભ અંક: ૨-૭

મિથુન (ક-છ-ઘ) — સિઝનલ-વાયરલ બીમારીથી આપે સંભાળવું પડે. નાણાકીય રોકાણ-વ્યવહારના કામમાં ઉતાવળ ન કરવી. શુભ રંગ: પીળો | શુભ અંક: ૧-૬

કર્ક (ડ-હ) — દેશ-પરદેશના, આયાત-નિકાસના કામમાં સાનુકૂળતા મળી રહે. નોકર-ચાકરવર્ગ આપને મદદરૂપ થાય. શુભ રંગ: કેસરી | શુભ અંક: ૩-૯

સિંહ (મ-ટ) — આપના કાર્યની સાથે ઘર-પરિવાર, સગા-સંબંધીવર્ગ, મિત્રવર્ગના કામકાજ અંગે વ્યસ્તતા જણાય. ખર્ચ જણાય. શુભ રંગ: મરૂન | શુભ અંક: ૬-૮

કન્યા (પ-ઠ-ણ) — આપના કાર્યમાં આકસ્મિક સાનુકૂળતા મળી રહેતા આપ કામનો ઝડપથી ઉકેલ લાવી શકો. સિઝનલ ધંધામાં લાભ થાય. શુભ રંગ: મોરપીંછ | શુભ અંક: ૫-૨

તુલા (ર-ત) — આપના કાર્યમાં કોઈ મુશ્કેલી-રૂકાવટ આવ્યા કરે. કોર્ટ-કચેરીના કામમાં ધ્યાન રાખવું. વાદ-વિદાદથી દૂર રહેવું. શુભ રંગ: બ્લુ | શુભ અંક: ૬-૮

વૃશ્ચિક (ન-ય) — આપના ગણતરી-ધારણા પ્રમાણેનું કામકાજ થવાથી કામ કરવાનો ઉત્સાહ જણાય. અગત્યની મુલાકાત થાય. શુભ રંગ: પિસ્તા | શુભ અંક: ૩-૦

ધનુ (ભ-ધ-ફ-ઢ) — આપના કાર્યની સાથે વ્યાવહારિક કામમાં આપે વ્યસ્ત રહેવાનું બને. ધંધામાં આકસ્મિક ઘરાકી જણાય. શુભ રંગ: જાંબલી | શુભ અંક: ૫-૭

મકર (ખ-જ) — આપના યશ-પદ-ધનમાં વધારો થાય તેવી કામગીરી થવાથી આનંદ અનુભવો. ભાઈ-ભાંડુનો સાથ મળે. શુભ રંગ: ગુલાબી | શુભ અંક: ૬-૯

કુંભ (ગ-શ-ષ-સ) — આપના કામમાં પ્રતિકૂળતા જણાય. આપના ધાર્યા પ્રમાણે કામ થઈ શકે નહીં. જમીન-મકાનના કામમાં સંભાળવું. શુભ રંગ: કેસરી | શુભ અંક: ૫-૨

મીન (દ-ચ-ઝ-થ) — આપના રૂકાવટ-વિલંબમાં અટવાઈ પડેલા કામનો ધીરે ધીરે ઉકેલ આવતો જાય. સંતાનના પ્રશ્ને ચિંતા ઓછી થાય. શુભ રંગ: લાલ | શુભ અંક: ૧-૪

આવતીકાલનું પંચાગ

સુર્યોદય: ૦૭-૨૬ સુર્યાસ્ત: ૬-૨૦

દિવસના ચોઘડીયા
(૧) ચલ (૨) લાભ (૩) અમૃત (૪) કાળ (૫) શુભ (૬) રોગ (૭) ઉદ્વેગ (૮) ચલ

રાત્રિના ચોઘડીયા
(૧) રોગ (૨) કાળ (૩) લાભ (૪) ઉદ્વેગ (૫) શુભ (૬) અમૃત (૭) ચલ (૮) રોગ

વિક્રમ સંવત: ૨૦૮૨, પોષ વદ-૦૭ : તા. ૦૮-૦૧-૨૦૨૬, શુક્રવાર
જૈન સંવત: ૨૫૫૨, શાલિવાહન: ૧૯૪૭, યુગાબ્દ : ૫૧૨૭, પારસી રોજ : ૨૮, મુસ્લિમ રોજ: ૧૬, નક્ષત્ર: ઉત્તર ફાલ્ગુની, યોગ: શોભન, કરણ: વિષ્ટિ

જન્મેલાનું વર્ષફળ

તા. ૦૯ – જાન્યુઆરીના દિવસે

આ સમયમાં વ્યાવસાયિક કામકાજમાં સાનુકૂળતા રહે. નાણાકીય આવકમાં વૃદ્ધિ થતી જોવા મળે. ઘર-પરિવારના પ્રશ્નોનો ઉકેલ આવતા શાંતિ અનુભવાય. વડીલવર્ગનું સ્વાસ્થ્ય ચિંતા રખાવે. સામાજિક-જાહેરજીવન ક્ષેત્રે વ્યસ્તતા અનુભવાય. મિત્રો-સ્વજનોનો સાથ-સહકાર પ્રાપ્ત થાય. યાત્રા-પ્રવાસનું આયોજન ગોઠવાય. ધર્મકાર્ય થાય.

બાળકની રાશિ: કન્યા